# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-10-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ભુજ-યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તિકરણ:

રાજ્યમાં વિકાસ સપ્તાહની ઉજવણી ચાલી રહી છે જેના ભાગરૂપે આજે ભુજ ખાતે 'યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તિકરણ' સમારંભ યોજાયો હતો.

આ પ્રસંગે સાંસદ વિનોદભાઇ ચાવડાએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ લાખો લોકોને રોજગારીની વિપુલ તકો ઉભી થઇ છે. કચ્છમાં ૧૨ હજારથી વધુ રોજગારીનો લાભ મળ્યો છે તેમજ કચ્છમાં રોજગારીની નવી તકોનું નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યારે વિકસિત ભારતના નિર્માણમાં યુવાનો પોતાના કૌશલ્યનો ઉપયોગ કરી સહયોગ આપે તેવી તેમણે અપીલ કરી હતી.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે તાલીમાર્થીઓને રોજગાર પત્ર તેમજ પ્રોવિજનલ પ્લેસમેન્ટ લેટર એનાયત કરવાની સાથે આઈ.ટી.આઈના અપગ્રેડેશન માટે ઉધોગો સાથે એમઓયુ પણ કરવામાં આવ્યા હતા.

આ સમારોહન દરમ્યાન ઉપસ્થિત સૌએ રાજ્યકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યુ હતું.

કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ, ધારાસભ્યો, કલેકટર સહિત અધિકારીઓ-પદાધિકારીઓ વિવિધ કંપનીઓના નોકરીદાતાઓ, વિદ્યાર્થીઓ સહિત વિશાળ સંખ્યામાં રોજગારના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## દિવાળી નિમિતે વિશેષ બસ સેવા:

દિવાળીના તહેવારો દરમિયાન કચ્છમાં વસવાટ કરતા પરપ્રાંતીય નાગરિકોને પોતાના વતન જવા માટે ST વિભાગ દ્વારા વિશેષ સુવિધા ઊભી કરવામાં આવી છે. મુસાફરોની સરળતા માટે કચ્છના તમામ 8 ડેપો ખાતે કુલ 65 બસો ઉપલબ્ધ રાખવામાં આવી છે. ST બસના ગ્રુપ બુકિંગની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. આગામી 17મી ઓક્ટોબર, ધનતેરસથી ST બસો પંચમહાલ, ગોધરા, દાહોદ, અરવલ્લી અને ઇડર સહિતના સ્થળોએ રવાના થશે.

---

## ચુનડી ગામની મહિલાઓ:

ગુજરાત સરકાર મહિલાઓ રોજગારી મેળવીને પોતાના આર્થિક રીતે સક્ષમ બને તે હેતુથી તાલીમ, આર્થિક સહાયથી લઇને વેચાણ માટે પ્લેટફોર્મ આપી રહી છે. રાજ્ય સરકારના સહકારના કારણે રાજ્યભરમાં અનેક મહિલાઓ પોતાના હુનરના બળે આગળ આવીને બિઝનેસ વુમન બની સફળ વેપાર કરી રહી છે જેનો ઉત્તમ ઉદાહરણ ભુજ તાલુકાના ચુનડી ગામની મહિલાઓનો છે. વણકર મહિલા મિશન મંગલમ સખી મંડળની 10 બહેનો છેલ્લા 2 વર્ષથી સંગઠિત બનીને સખી મંડળના માધ્યમથી પોતાની અલગ ઓળખ સાથે પોતાના હુનરના બળે અવનવી પ્રોડક્ટ બનાવીને તેનું રાજ્યભરમાં વેચાણ કરી રહી છે. સખી મંડળના પ્રમુખ સાવિત્રીબેન વણકરે સરકારનો આભાર વ્યક્ત કરતા આ પ્રમાણે જણાવ્યું.

(બાઇટ : સાવિત્રીબેન)

---

## ગાંધીધામ-સ્વદેશી મેળો:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આત્મનિર્ભર ભારતના સ્વપનને સાકાર કરવા અને ગુજરાત રાજ્ય શહેરી વિકાસ વર્ષ 2025ની ઉજવણીના ભાગરૂપે ગાંધીધામ ખાતે ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, મહાનગરપાલિકાના કમિશ્નર મનીષ ગુરવાની અને ડીપીએના ડેપ્યુટી ચેરમેન નીલાભ્ર

દાસગુપ્તાની ઉપસ્થિતિમાં  ગઇકાલે સ્વદેશી મેળાનો પ્રારંભ કરાયો હતો. દીનદયાળ પોર્ટ ઓથોરિટી, અને ગાંધીધામ મહાનગરપાલીકાના સંયુક્ત પ્રયાસથી શરૂ થયેલો આ મેળો 20ઓક્ટોબર સુધી ચાલશે જેમાં પચાસથી વધુ સ્ટોલો પર સ્થાનિક કારીગર દ્વારા તૈયાર કરવામાં આવેલી ચીજ વસ્તુઓનું વેંચાણ કરવામાં આવશે. જાહેર જનતા માટે સ્ટેજ પ્રોગ્રામ જેમ કે, પરંપરાગત સાંસ્કૃતિક નૃત્ય, લોકકળા, સંગીત, મેજિક શોનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો નિ:શૂલ્ક રીતે જાહેર જનતા નિહાળી શકશે તેવું ગાંધીધામ નગરપાલિકાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------------

## મહર્ષિ વાલ્મીકિ જયંતી:

ભુજ ખાતે ગઇકાલે સમસ્ત વાલ્મીકી સમાજ દ્વારા મહર્ષિ વાલ્મીકિ જયંતી નિમિત્તે શોભાયાત્રા કાઢવામાં આવી હતી. આ શોભાયાત્રા ભુજના મુખ્ય માર્ગો પર ફરી વળતા ધાર્મિક માહોલ સર્જાયો હતો.  શોભાયાત્રાના સમાપને રઘુનાથજી મંદિરમાં વાલ્મીકી સમાજ દ્વારા વંદન, આરતી અને પ્રસાદ સહિતના કાર્યક્રમ યોજાયા.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

કચ્છમાં શક્તિ વાવાઝોડાં અને પશ્ચિમી વિક્ષોભની અસર તળે વરસાદી માહોલ છવાયા બાદ કચ્છમાં બે દિવસથી વરાપનો માહોલ જોવા મળી રહ્યો છે. વરસાદની સંભાવના ઘટતાં મહત્તમ પારો બેથી ત્રણ ડિગ્રી ઊંચકાયો છે. શક્તિ વાવાઝોડું નબળું પડી વેલમાર્ક લો પ્રેશરમાં ફેરવાતાં હવે વરસાદ વરસવાની શક્યતા સાવ ધૂંધળી બની છે. હવામાન વિભાગે એકલ-દોકલ સ્થળે હજુ એકાદ દિવસ હળવા વરસાદી ઝાપટાં વરસે તેવી આગાહી કરી છે.

---------------------------------------------------------------------------------------------